Government Arts College, Kaparada
સરકારી વિનયન કોલેજ, કપરાડા
મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭ સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, URL: www.kaparadacollege.org

GACK/2024/ વા.ઈ.વિ./તૃ.વ.વિ.વિ./૭૫ DATE: 20/03 /2024

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આઉટ નં. ૭૫
તારીખ 20/03/2023

# વાર્ષિકોત્સવ ઈનામ વિતરણ અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભનો અહેવાલ.

તા.19/03/2024 ના રોજ સરકારી વિનયન કોલેજ કપરાડાના પ્રાંગણમાં આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબની અધ્યક્ષતામાં 'સાંસ્કૃતિક સમિતિ' અંતર્ગત 'વાર્ષિકોત્સવ' ઈનામ વિતરણ અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ' આયોજાયો.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બાયફ કપરાડાથી શ્રી જીતીન સાઠે સાહેબ તેમજ કન્યા નિવાસી સાક્ષરતા નિવાસી શાળા સુથારપાડાથી શ્રીમતી ઉર્વશીબેન અને શ્રી કલ્પેશભાઈ પધાર્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત શ્રીના નામ કરણ સાથે સ્વાગત પ્રવચન અને સ્વાગત ગીત થી કરવામાં આવી. સંસ્થાના વરિષ્ઠ અધ્યાપક ડૉ. પી. બી. કુરકુટિયા સાહેબે ઉપસ્થિત મહેમાનો અને ઉપસ્થિત તમામ સ્વાગત શાબ્દિક પુષ્પો દ્વારા કર્યું.

સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન સંપૂર્ણ વર્ષ દરમિયાન સંસ્થામાં થયેલ તમામ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને મુખ્ય મહેમાન શ્રી, આમંત્રીત અતિથીઓ, આચાર્યશ્રી તેમજ પ્રાધ્યાપકોના હસ્તે ટ્રોફી અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા.

આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબ અને મુખ્ય મહેમાન શ્રી સાઠે સાહેબ વિદ્યાર્થીઓને આર્શિવચન અને શુભેચ્છા પાઠવી હતી.

મુખ્ય મહેમાન શ્રી સાઠે સાહેબે કાર્યક્રમની પ્રશંસા કરતા, પારંપારિક વાદ્યો અને સંગીતને પ્રોત્સાહન આપવા સકારાત્મક સુચન કોલેજ પરિવારને કરેલ. સંસ્થાના આચાર્યશ્રી ડૉ. ડી. એન. દેવરી સાહેબે સૂચનને માન આપી અગાઉના વર્ષોમાં કાર્યક્રમ કરવાની બાંહેધરી મુખ્ય મહેમાનશ્રીને આપી હતી.

કાર્યક્રમ અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા ભજવવામાં આવી. જેમ કે, ગુજરાતની લોક સંસ્કૃતિની પ્રસ્તુતિ કરતાં ગરબાઓ, આદિવાસી સંસ્કૃતિની ઉજાગર કરતા આદિવાસીઓ નૃત્યો, માઈમ, નાટકો, એક્શન ડાંસ વગેરે.

Govt. Arts College-Kaparada

CamScanner

વર્ષ 2023-24 દરમ્યાન સંસ્થામાં થયેલ વિવિધ શૈક્ષણિક તેમજ બીન શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ટૂંક ચિતાર અહેવાલ સ્વરૂપે પ્રા. રશ્મિતાબેન રાઠોડે વાંચી સંભળાવ્યો. TYBA ની વિદ્યાર્થીની ધુમ કુંતાબેને ત્રણ વર્ષ દરમિયાન કોલેજનાં અનુભવો વ્યક્ત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સૂત્ર સંચાલન કોલેજના SYBA ના વિદ્યાર્થી ગવળી અમ્રતભાઈ અને રાઉત સલોનીબેને કર્યું. સમગ્ર કાર્યક્રમની વિધીવત આભાર વિધી સંસ્થાના પ્રા. શ્રી. મનોજભાઈ પટેલ સાહેબે કરી. સુરુચી ભોજન બાદ, સંગીતની મોજ માણી સંપૂર્ણ કોલેજ પરિવારે મોકળાશ અનુભવી હતી.

સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન 14 અધ્યાપકો સહીત 201 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આમ સરકારી વિનયન કોલેજ કપરાડામાં વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ આનંદથી ઉજવાયો.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.